# 'તમે નવા ભારતની પરાકાષ્ઠાને જોવાના માર્ગ પર છો': સેબીના વડા શ્રીમતી માધબી પુરી બુચે આઈઆઈએમએ કોન્વોકેશનમાં સ્નાતક વિદ્યાર્થીઓને કહ્યું

~ *આઈઆઈએમએ* ના 59મા વાર્ષિક કોન્વોકેશનમાં 610 યંગ લીડરો સ્નાતક થયા

~ સેબીના ચેરપર્સન સુશ્રી માધબી પુરી બુચે આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે દીક્ષાંત સંબોધન કર્યું

~ *શ્રી પંકજ આર પટેલ, ચેરપર્સન, આઈઆઈએમએ બોર્ડ ઓફ ગવર્નર્સ અને પ્રોફેસર ભારત ભાસ્કર, ડાયરેક્ટર, આઈઆઈએમએ એ સભાને સંબોધિત કરી*

**30 માર્ચ, 2024:** ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈઆઈએમએ) માં તેનો 59મો વાર્ષિક દીક્ષાંત સમારોહ જાજરમાન લુઇસ કાહ્ન પ્લાઝાના લીલાછમ મેદાનમાં યોજવામાં આવ્યો. આ વર્ષે, સંસ્થાને સુશ્રી માધબી પુરી બુચ, આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ના અધ્યક્ષ મુખ્ય અતિથિ તરીકે હોસ્ટ કરવાનું સન્માન મળ્યું હતું. સ્ટેજ પર સુશ્રી બુચ સાથે શ્રી પંકજ આર પટેલ, ચેરપર્સન, આઈઆઈએમએ બોર્ડ ઓફ ગવર્નર્સ; પ્રોફેસર ભારત ભાસ્કર, ડાયરેક્ટર, આઈઆઈએમએ; બોર્ડ ઓફ ગવર્નર્સ અને ફેકલ્ટી સભ્યો જોડાયા હતા.

દીક્ષાંત પ્રોસેશનનું નેતૃત્વ પ્રોફેસર પ્રદ્યુમન ખોકલે, ડીન (પ્રોગ્રામ્સ) અને મેનેજમેન્ટમાં ડોક્ટરેટ પ્રોગ્રામના અધ્યક્ષ, પ્રોફેસર દિપ્તેશ ઘોષ દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓનું અનુસરણ તમામ પ્રોગ્રામના અધ્યક્ષો, ફેકલ્ટી સભ્યો અને સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, તેઓ આઈઆઈએમએ લોગોથી સુશોભિત ઔપચારિક સ્ટોલ્સ પહેર્યા હતા. જેમ દીક્ષાંત પ્રોસેશન આથમતા સૂર્યના ઉત્સાહી તેજમાં પ્રતિષ્ઠિત એલકેપી માં પ્રવેશ્યું, તેમ, આઈઆઈએમએ સમુદાયના સભ્યો અને સ્નાતક વિદ્યાર્થીઓના પરિવારના સભ્યો દ્વારા પ્રોસેશનને વધાવવામાં આવ્યું.

સ્વાગત પ્રવચન આપતા, **શ્રી પંકજ આર પટેલ, અધ્યક્ષ, બોર્ડ ઓફ ગવર્નર્સ, આઈઆઈએમએ** તકનીકી નવીનતાઓ અને વિક્ષેપો પાછળ ઉદ્યોગના બદલાતા લેન્ડસ્કેપ વિશે વાત કરી અને સ્નાતક વિદ્યાર્થીઓને યુવાન અગ્રણીઓ તરીકે તેમના અભિગમમાં માનવીય બનવાના મહત્વ પર સલાહ આપી. તેમણે કહ્યું કે "એક લીડરને તકનીકી નવીનતાની ભૂખ હોવી જોઈએ. આજુબાજુ થઈ રહેલી તકનીકી પ્રગતિઓ અને તેનાથી બિઝનેસ અથવા સંસ્થા પર થઈ શકે તેવી અસરને સમજવા માટે તેમની પાસે ખુલ્લાપણું હોવો જોઈએ. પરંતુ યાદ રાખો, સફળતા, સરાહના, સંસ્થાકીય વૃદ્ધિ અને એક લીડર તરીકે વ્યાવસાયિક વૃદ્ધિ માટેના તમારા ઉત્સાહમાં, આપણે વ્યવસાયમાં માનવતાના સારને ભૂલી ન જઈએ. આ સંદર્ભમાં લીડરની ભૂમિકા મહત્વપૂર્ણ છે કારણ કે તમે ઓટોમેશનને કારણે નોકરીના વિસ્થાપનના ભયથી વાકેફ હશો.

લીડરોએ આ સમજવું અને તેમની ટીમોને સમજાવવું હિતાવહ છે કે ટેક્નોલોજીને ખતરા તરીકે નહીં પણ તક તરીકે જોવી જોઇએ. સફળતા તરફની આ સફરમાં સામૂહિક પ્રયાસ મહત્વપૂર્ણ છે. એક એવો અભિગમ અપનાવો જે સમાવિષ્ટ હોય, તમારી ટીમના દરેક સભ્યની શક્તિઓ અને પ્રતિભાઓનો ઉપયોગ થાય."

આ વર્ષના દીક્ષાંત સમારોહમાં ચાર પ્રોગ્રામ્સનાં કુલ 610 યુવા લીડરોના પદવીદાનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ડૉક્ટરલ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ (ડીપીએમ) માંથી 20 સંશોધન વિદ્યાર્થીઓ, બે વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ (એમબીએ) માંથી 396; બે વર્ષના ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન ફૂડ એન્ડ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ (એમબીએ -એફએબીએમ) માંથી 47; અને એક વર્ષના પૂર્ણકાલિક પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન એક્ઝિક્યુટિવ્સ મેનેજમેન્ટ (એમબીએ-પીજીપીએક્સ) માંથી 147 વિદ્યાર્થીઓ નો સમાવેશ થાય છે. તે બધાએ અધ્યક્ષ પાસેથી તેમના સ્નાતક પ્રમાણપત્ર મેળવ્યા.

એમબીએમાંથી સિદ્ધાંત અગ્રવાલ, પંચમ ગુપ્તા અને આયુષી શ્રીવાસ્તવ, એમબીએ-એફએબીએમમાંથી કાર્તિક નય્યર અને એમબીએ-પીજીપીએક્સ પ્રોગ્રામમાંથી ગોપી એથામુક્કલમને તેમની શૈક્ષણિક સિદ્ધિઓની માન્યતા રૂપે મુખ્ય અતિથિ દ્વારા ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**શ્રીમતી માધબી પુરી બુચ, ચેરપર્સન, સેબીએ** તેમના દીક્ષાંત સંબોધનમાં વિદ્યાર્થીઓ સાથે તેમના અનુભવ અને આંતરદૃષ્ટિ શેર કરતાં એક વિદ્યાર્થી તરીકે સંસ્થામાં તેમના દિવસોને યાદ કર્યા અને કહ્યું કે તેમના માટે સૌથી મૂલ્યવાન બોધપાઠ પડકારોમાંથી વિચારવાની, યોગ્ય કરવાની ક્ષમતા હતો, અને તેણીએ પોતાને માટે નિર્ધારિત કરેલા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કોઈ કસર છોડી નથી. તેમણે પોતાના વ્યાવસાયિક સફરના ઉદાહરણો શેર કરતાં વિદ્યાર્થીઓને આત્મનિરીક્ષણ કરવા, અન્વેષણ કરવા અને તેમના પોતાના વ્યક્તિગત મંત્રો શોધવા વિનંતી કરી જે આખરે તેમની આગળની વ્યાવસાયિક સફરમાં તેમના માર્ગદર્શક તરીકે કામ કરશે.

તેમણે વિદ્યાર્થીઓને યોગ્ય અભિગમ પસંદ કરવા અને બદલાતા બિઝનેસ લેન્ડસ્કેપને અનુરૂપ બનવાની સલાહ આપી. નવા સ્નાતકોની આગળ રહેલી તકો વિશે બોલતા, શ્રીમતી બુચે કહ્યું, "મારી પેઢીને નવા ભારતની શરુઆતની લહેર પર સવારી કરવાનું મળ્યું. તમને નવા ભારતની પરાકાષ્ઠા જોવા મળશે. દરેક જગ્યાએ, વિકાસ માટે, સમાવેશ માટે, ઉદ્યોગસાહસિકતા માટે, બીબાને તોડવા માટે અને વિશ્વનું નેતૃત્વ કરવાની તક છે.

આ વર્ષે પણ, આઈઆઈએમએની પ્લેસમેન્ટ સીઝન એમબીએ, એમબીએ-એફએબીએમ, અને એમબીએ-પીજીપીએક્સ ના વિદ્યાર્થીઓ માટે વિવિધ ક્ષેત્રોની પ્રમુખ કંપનીઓ તરફથી ઓફરો,

અને પ્રમુખ શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ તરફથી પીએચડી સંશોધન વિદ્યાર્થીઓ માટે નોકરીની ઓફરો સાથે સફળ રહી હતી.

**પ્રોફેસર ભારત ભાસ્કરે, ડાયરેક્ટર, આઈઆઈએમએ** તેમના સમાપન સંબોધનમાં છેલ્લા એક વર્ષ દરમિયાન સંસ્થાની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓની ટૂંકી ઝાંખી આપી હતી. સ્નાતક બેચને સંબોધતા, પ્રોફેસર ભાસ્કરે કહ્યું, “તમને આઈઆઈએમએ ખાતે મળેલી સખત તાલીમ અને સર્વગ્રાહી કૌશલ્ય વિકાસએ તમને જટિલ અને સતત બદલાતી દુનિયામાં ખીલવા માટેના આત્મવિશ્વાસથી સજ્જ કર્યા છે. આજનો વધુને વધુ ગતિશીલ અને ડિજિટલ યુગ દર થોડા ડગલા આગળ તમારાથી કઈંક નવાની માંગ કરે છે. તેથી, નવા શિક્ષણ અને કૌશલ્યો સાથે તમારી જાતને ફરીથી શોધતા રહો. દરેક પડકારને તકમાં ફેરવવા માટે યોગ્ય અભિરુચિ અને કૌશલ્યને વધુ તીવ્ર બનાવતા રહો.” ફ્રેન્કલિન ડી રૂઝવેલ્ટના શબ્દોથી સ્નાતક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા, પ્રોફેસર ભાસ્કરે કહ્યું, 'શાંત દરિયો ક્યારેય કુશળ નાવિક બનાવી શકતો નથી'. તેથી, તમારા વહાણનો હવાલો સંભાળો, અને મને ખાતરી છે કે તમે બધા આઈઆઈએમએનું ગૌરવ દૂર દૂર સુધી લઈ જવા માટે એક છાપ છોડશો."

અધ્યક્ષે દીક્ષાંત સમારોહ સંપન્ન જાહેર કરતાં સમારોહનું સમાપન થયું. સમારંભના સમાપન સાથે, સ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ તેમના જીવનના આ મહત્વપૂર્ણ પ્રસંગને તેમના પરિવારો અને મિત્રો સાથે ઉજવ્યો.

આઈઆઈએમ **અમદાવાદ વિશે:**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈઆઈએમએ) એક અગ્રણી, વૈશ્વિક મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ છે જે મેનેજમેન્ટ શિક્ષણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે છે. તેના અસ્તિત્વના છ દાયકાથી વધુ સમયમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ લીડરોનું ઉછેર, ઉદ્યોગ, સરકાર, સામાજિક સાહસને સહાયક અને સમાજ પર પ્રગતિશીલ અસર બનાવવા દ્વારા વિદ્વત્તા, પ્રેક્ટિસ અને નીતિમાં અનુકરણીય યોગદાન માટે સ્વીકારવામાં આવ્યો છે.

આઈઆઈએમએ ની સ્થાપના 1961 માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો દ્વારા નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી તે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત કરી રહ્યું છે અને આજે 80 થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું નેટવર્ક અને દુબઈમાં હાજરી ધરાવે છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને 44,000 થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દાઓ ધરાવતા તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપી રહ્યા છે. વર્ષોથી, આઈઆઈએમએ ના શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર સંચાલિત અને સામાજિક રીતે

પ્રભાવશાળી કાર્યક્રમોએ વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. EQUIS તરફથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બની. આ સંસ્થાને ભારત સરકારના નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ), ઈન્ડિયા રેન્કિંગ્સ 2023 માં પણ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સ (એફટી)માં એક્ઝિક્યુટિવ એજ્યુકેશન રેન્કિંગ્સ 2023માં સંસ્થાને ભારતમાં નંબર 1, એશિયામાં નંબર 2 અને વૈશ્વિક સ્તરે 35મું સ્થાન આપવામાં આવ્યું છે. પ્રસિદ્ધ બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ (પીજીપી) એ એફટી માસ્ટર ઇન મેનેજમેન્ટ રેન્કિંગ્સ 2023 માં 43મું સ્થાન મેળવ્યું છે અને એક વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ ફોર એક્ઝિક્યુટિવ્સ (પીજીપીએક્સ) ને એફટી ગ્લોબલ એમબીએ રેન્કિંગ્સ 2024 માં 41મું સ્થાન આપવામાં આવ્યું છે.

આઈઆઈએમએ બિઝનેસ લીડરો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર દળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકોની વિવિધ શ્રેણીને કસ્ટમાઇઝ્ડ, મિશ્રિત અને ઓપન એનરોલમેન્ટ ફોર્મેટમાં કન્સલ્ટન્સી સેવાઓ પ્રદાન કરે છે અને 200 થી વધુ ક્યુરેટેડ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ્સ ઑફર કરે છે.

આઈઆઈએમએ વિશે વધુ જાણવા માટે કૃપા કરીને https://www.iima.ac.in/ ની મુલાકાત લો.

**શિવાંગી ભટ્ટ | manager-comm@iima.ac.in**

**સુનિતા અરવિંદ | pr@iima.ac.in| +91-8450 900 643**